અપીલ અરજી નં.૨૮૦ તા.૬–૧૨ –૧૦/૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી દિપેશ રોહિતભાઈ વખારિયા
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ– માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળ શ્રી દિપેશ રોહિતભાઈ વખારિયાની તા.૨૦–૮–૧૦ ની અરજીથી માંગેલ માહિતી બાબતે તા.૧૯–૧૦–૧૦ ના રોજ કરેલ પ્રથમ અપીલ સામે આરટીઆઈ સેલ/ ૧૦૦૫ તા.૧–૧૨–૧૦ થી કરેલ હુકમની અમલવારી બાબતે બીજીવાર અપીલ કરી અમલવારી અંગેની રજૂઆત કરતી તા.૬–૧૨–૧૦ ની અરજી બાબત.

સંદર્ભઃ– અરજદાર મજકુરની તા.૬–૧૨–૧૦ ની **SMC/FAP/** નં.૨૮૦/૨૦૧૦–૧૧ અપીલ

શ્રી દિપેશ રોહિતભાઈ વખારિયાની તા.૨૦–૮–૧૦ ની અરજીથી માંગેલ માહિતી બાબતે તા.૧૯–૧૦–૧૦ ના રોજ કરેલ પ્રથમ અપીલ સામે આરટીઆઈ સેલ/૧૦૦૫ તા.૧–૧૨–૧૦ થી કરેલ હુકમની અમલવારી બાબતે બીજીવાર અપીલ કરી અમલવારી અંગેની રજૂઆત કરતી તા.૬–૧૨–૧૦ ની અરજી બાબતે સોસા.ના નામ સામે બ્લોક નંબર અને તેની સામે આઈસી.ના કેટલા નાણા બાકી છે તેવી વિગતો પૂરી પાડવા અમલવારી કરવા જણાવી એપેલેટ ઓફિસરને તા.૬–૧૨–૧૦ ના રોજ બીજી વાર અપીલ અરજી કરેલ છે

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા સાથે અપીલના મુદ્દા અંગે પક્ષ પણ રજૂ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૫૮ તા.૧૫–૧૨–૧૦ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)તથા અરજદારને લગભગ ૧ માસ ૭ દિવસના વિલંબથી અપીલ અરજી કરેલ છે. જે અંગે કલમ–૧૯(૧) હેઠળ વાજબીપણું રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/ મહેકમ/આ.નં.૩૫૦૪ તા.૫–૧–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.સા.ઈ.ઝોન/ મહેકમ/૩૩૩૭ તા.૨૩–૧૨–૧૦ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી તેમજ અરજદારે આ આગાઉ પ્રથમ અપીલ કરેલ હોય તેવું પણ જણાવેલ નહીં અને બીજી વાર અપીલ અરજી જણાવી અપીલ અરજી કરેલ.

અરજદારની તા.૨૦–૮–૧૦ ની અરજીથી માંગેલ માહિતી બાબતે અરજદારે તા.૧૯–૧૦–૧૦ ના રોજ પ્રથમ અપીલ કરેલ. જે બાબતે અત્રેથી આરટીઆઈ સેલ/૧૦૦૫ તા.૧–૧૨–૧૦ થી " અરજદારની તા.૨૦–૮–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલ સોસા.ના નામો અને દરેક સોસા.ના આઈ.સી ના બાકી પડતા નાણા બાબતે રેકર્ડ આધારીત ઉપલબ્ધ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને જણાવવામાં આવે છે. " તેવો હુકમ કરવામાં આવેલ. જે બાબતે અરજદારે આઈ.સી.ના નાણા બાબતે સોસા.ના નામ સાથે બ્લોક નંબર અને કેટલા નાણા બાકી છે તેવું જણાવવામાં નહીં આવતા હુકમની અમલવારીની રજૂઆત કરેલ. જે બાબતે અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી લીંબાયતઝોનના શહેર વિકાસ વિભાગ પાસેથી સદર હુકમની અમલવારી અનુસાર " આપવા જોગ માહિતી આઈ.સી ના નાણાની સોસા.ના નામ વાઈઝ નકલ નંગ–૧૬ માં અદ્યતન માહિતીનું લીસ્ટ " તૈયાર કરીને નં.સા.ઈ.ઝોન/મહેકમ/૩૩૩૭ તા.૨૩–૧૨–૧૦ થી અરજદારને વિના મુલ્યે પૂરી પાડવામાં આવેલ છે. આમ હુકમની અમલવારી થયેલ જણાય છે. તેમ છતાં હુકમની અમલવારી બાબતે કોઈ પ્રશ્ન હોય તો તથા સદર હુકમથી નારાજ હોય તો આરટીઆઈ એકટની કલમ–૧૯(૩) હેઠળ દિન–૯૦ માં ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગરને બીજી અપીલ કરવા હકદાર છે. તેની જાણ સહ.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૦–૮–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જેની સામે તા.૧૯–૧૦–૧૦ થી કરેલ પ્રથમ અપીલ સામે હુકમ નં.આરટીઆઈ સેલ/૧૦૦૫ તા.૧–૧૨–૧૦ ની અમલવારી બાબતે અરજદારે તા.૬–૧૨–૧૦ ના રોજ કરેલ અમલવારી બાબતેની રજૂઆત અંગે જાહેર માહિતી અધિકારી તરફથી અમલવારી કરી માહિતી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૧

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન) ...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી દિપેશ રોહિતભાઈ વખારીયા